RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 132 Date: 03.03.2024 Sunday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

# ગાંધીનગરમાં કમોસમી વરસાદ



વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર ગુજરાત રાજ્યના ઘણા વિસ્તારો પર દેખાય રહી છે. જેને લઈને ગુજરાતના ઘણા ભાગોમાં કમોસમી વરસાદ પડ્યો છે. ત્યારે આજે બપોરે ગાંધીનગરના વાતાવરણમાં પણ પલ્ટો આવવાની સાથે કમોસમી વરસાદના ઝાપટા શરૂ થયા છે. આ સિવાય માણસા, કલોલ, દહેગામ ગ્રામ્યમાં પણ કમોસમી વરસાદ વરસ્યો છે. ઉલ્લેખનીય છે કે, રાજસ્થાન પર એક સાયકલૉનિક સર્ક્યુલેશન બન્યું છે અને તેની અસર રાજસ્થાનની સાથે સાથે ગુજરાતના ઘણા વિસ્તારોને પણ થઈ છે.

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરના પગલે ગાંધીનગરના વાતાવરણમાં પણ બપોરથી પલ્ટો આવ્યો છે. ગાંધીનગરમાં સવારથી ધૂપછાવભર્યા વાતાવરણનો જામ્યો છે. બપોર પછી એકાએક વાદળોનાં ગળગળાટ સાથે કમોસમી વરસાદનાં ઝાપટા પડવા માંડ્યા છે. આજરોજ આજ રોજ પાટણ, બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં માવઠું પડયું છે. અને આગામી ૪૮ કલાક બાદ ઉત્તર ગુજરાતમાં ૨થી ૩ ડિગ્રી ઠંડી વધવાની હવામાન વિભાગ ધ્વારા આગાહી કરાઈ છે.

ઉલ્લેખનીય છે કે, માર્ચ મહિનો ખેડૂતો માટે રવિ પાકનો કાપણીનો સમય હોય છે. અને અત્યારે ખાસ કરીને એરંડા, રાયડો, કપાસ, જીરું, અજમો જેવા પાકોની કાપણીનો સમય શરૂ છે. માર્ચ મહિનાના પ્રથમ અઠવાડિયામાં જ માવઠું પડતા ખેડૂતો પણ હાલ ચિંતામાં મુકાયા છે. રાજ્યમાં હવામાન વિભાગની આગાહી મુજબ સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાત સહિતના વિસ્તારોમાં કમોસમી વરસાદ પડ્યો છે.

એજ રીતે બપોર પડતાં ગાંધીનગરમાં પણ કમોસમી વરસાદ વરસ્યો પડ્યો છે. જેનાં કારણે આંશિક ઠંડક પણ પ્રસરી ગઈ છે. અચાનક કમોસમી વરસાદ વરસતા ખેડૂતો પણ મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. બીજી તરફ કમોસમી વરસાદના કારણે નજીકના દિવસોમાં મચ્છરજન્ય રોગો પણ વધવાની શક્યતા નકારી શકાય તેમ નથી. આગામી ૪૮ કલાકમાં ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. રાજ્યમાં ભારે પવનની શક્યતા છે. ભારે પવનને કારણે ખેતરમાં ઉભો પાક બળી જવાની શક્યતા છે. આ કારણે આંબા ઉપર પણ અસર થવાની શક્યતા છે.

## કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ મલ્લિકાર્જૂન ખડગે અને જયરામ રમેશને લીગલ નોટિસ મોકલી

નવીદિલ્હી,તા.૨

કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કથિત ભ્રામક અને અધૂરો વીડિયો શેયર કરવાને લઈ કોંગ્રેસ પાર્ટીને લીગલ નોટિસ મોકલી છે. નોટિસમાં ગડકરીએ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે અને પાર્ટીના મહાસચિવ જયરામ રમેશને માફી માગવા કહ્યું છે. નોટિસમાં કહેવામાં આવ્યું છે કે કોંગ્રેસ પાર્ટી તરફથી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર શેયર કરવામાં આવેલો વીડિયો આખો નથી અને તેની સાથે છેડછાડ કરવામાં આવી છે.

નોટિસમાં કેન્દ્રીય મંત્રીના વકીલે કહ્યું છે કે વીડિયોના કેપ્શનને જાણી જોઈને છુપાવવામાં આવ્યુ છે. આ બદનામ કરવાનું ષડયંત્ર છે. વીડિયોને લઈ આપવામાં આવેલું શીર્ષક પણ બિલકુલ ખોટુ છે અને તથ્યાત્મક રીતે વાતોને તોડી મરોડીને રજૂ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. વકીલે કહ્યું કે મારા અસીલનું અપમાન કરવા અને તેને નીચુ બતાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે અને પાર્ટીની વચ્ચે મતભેદ ઉભો કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.નોટિસમાં એ પણ કહેવામાં આવ્યું છે કે વૈચારીક રીતે વિરોધી રાજકીય દળના સભ્ય હોવાના કારણે કોંગ્રેસ પાર્ટી તરફથી જાણી જોઈને ખોટી પોસ્ટ





કરવામાં આવી છે. પોતાની સોશિયલ મીડિયા સાઈટ પર મારા ક્લાયન્ટ વિશે પુરી રીતે જાણ્યા બાદ જ કોઈ વીડિયો કે નિવેદનને આપવુ જોઈએ. તેથી અમે તમને કાયદાકીય નોટિસ મોકલી રહ્યા છે.લીગલ નોટિસમાં સોશિયલ મીડિયા સાઈટથી તે નિવેદન કે વીડિયોને હટાવવા માટે પણ કહેવામાં આવ્યું છે. તેની સાથે સાથે ૩ દિવસની અંદર લેખિતમાં માફી માગવા કહેવામાં આવ્યુ છે. નોટિસમાં આગળ કહેવામાં આવ્યું છે કે જો તમારા તરફથી તે કામ નહીં કરવામાં આવે તો પછી અમારી પાસે દીવાની અને ફોજદારી બંને વિકલ્પ ખુલ્લા છે.

કોંગ્રેસ તરફથી ૧ માર્ચ ૨૦૨૪એ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક વીડિયો શેયર કરવામાં આવ્યો, લગભગ ૧૯ સેકેન્ડના વીડિયોમાં કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી તરફથી કહેવામાં આવેલી વાતોને તોડીમરોડીને બતાવવામાં આવી છે. વીડિયોમાં ખેડૂત અને મજૂરને દુ:ખી બતાવવામાં આવ્યા છે, જે સીધો જ કેન્દ્ર સરકાર પર સવાલ ઉભો કરે છે.

# અમદાવાદના વાતાવરણમાં અચાનક પલટો, શહેરના અનેક વિસ્તારમાં વરસાદી ઝાપટું







ગુજરાતના કેટલાક વિસ્તારોમાં વાતાવરણમાં પલટો આવ્યો છે અને હવામાન વિભાગે આપેલી આગાહી મુજબ ઘણાં વિસ્તારમાં વરસાદ વરસ્યો છે. ત્યારે હવે સૌરાષ્ટ્ર બાદ અમદાવાદમાં પણ કમોસમી વરસાદ શરુ થયો છે. શહેરના સિંધુ ભવન, એસજી હાઈવે, પ્રહલાદ નગરમાં વરસાદી ઝાપટા પડ્યા છે.અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં વરસાદી ઝાપટું પડ્યું છે, જેમાં સાઉથ બોપલ, બોડકદેવ, ગોતા પ્રહલાદનગર સહિતના વિસ્તારોમાં વરસાદી ઝાપટું વરસ્યુ છે. આ ઉપરાંત હવામાન વિભાગે ૨૨ જિલ્લામાં વરસાદનું એલર્ટ આપ્યું છે. એક સાથે બે સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થતા હવામાન વિભાગે રાજ્યના કેટલાક જિલ્લામાં ગાજવીજ સાથે વરસાદની આગાહી કરી છે. ચારેય ઝોનના કુલ ૨૧ જિલ્લામાં ગાજવીજ સાથે વરસાદનું અનુમાન છે.રાજ્યમાં હવામાન વિભાગની આગાહી મુજબ સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાત સહિતના વિસ્તારોમાં કમોસમી વરસાદ શરૂ થયો હતો. આજે વહેલી સવારથી જ સૌરાષ્ટ્રના જામનગર, રાજકોટ, દ્વારકામાં વરસાદ શરુ થયો હતો, જ્યારે કચ્છના અજારમાં સૌથી વધુ દોઢ ઈંચ વરસાદ ખાબક્યો હતો. આ સિવાય ભૂજ, મુંદ્રા અને ગાંધીધામમાં પણ ઝાપટું પડ્યું હતું, તો મહેસાણાના મંડાલી સહિતના વિસ્તારોમાં માવઠું થયું છે. દ્વારકા, બનાસકાંઠા સહિતના જિલ્લાઓમાં ભારે પવન સાથે વરસાદની થતા ઘઉં, જીરા સહિતના પાકને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે

## ’લોકો આજે પણ તાંત્રિકો પાસે જાય છે, તે દુર્ભાગ્યપૂર્ણ’, જાતીય શોષણ કેસમાં હાઈકોર્ટે પાખંડી બાબાને ફટકારી સજા



બોમ્બે હાઈકોર્ટે છ માનસિક વિકલાંગ છોકરીઓની જાતીય શોષણ સંબંધિત કેસની સુનાવણી કરી હતી. કોર્ટે તાંત્રિક વિદ્યા અને પાખંડી બાબાઓની નિંદા કરતા કહ્યું કે, ‘આજના સમયની દુર્ભાગ્યપૂર્ણ વાસ્તવિકતા છે કે લોકો પોતાની સમસ્યાઓના ઉકેલ માટે તાંત્રિક અને બાબાઓ પાસે જઈ રહ્યા છે.‘ જસ્ટિસ રેવતી મોહિતે ડેરે અને જસ્ટિસ મંજુષા દેશપાંડેની બેન્ચે આ કેસમાં તાંત્રિક હોવાનો દાવો કરનાર ૪૫ વર્ષીય વ્યક્તિને આપવામાં આવેલી આજીવન કેદની સજાને યથાવત રાખી હતી.

અહેવાલો અનુસાર, તાંત્રિક બાબા હોવાનો દાવો કરી એક વ્યક્તિએ છ માનસિક વિકલાંગ છોકરીઓની સારવાર કરવાના બહાને તેમનું જાતીય શોષણ કર્યું હતું. સાથે પીડિતાના માતા-પિતાનું પાસેથી સારવારની આડમાં ૧.૩૦ કરોડ રૂપિયા લીધા હતા. આ મામલામાં પહેલી ફ્રૈંઈ વર્ષ ૨૦૧૦માં નોંધવામાં આવી હતી. સેશન્સ કોર્ટે ૨૦૧૬માં આ વ્યક્તિને દોષિત ઠેરવ્યો હતો અને તેને આજીવન કેદની સજા ફટકારી હતી.સેશન્સ કોર્ટના આદેશને પડકારતી દોષિત વ્યક્તિએ બોમ્બે હાઈકોર્ટમાં અપીલ દાખલ કરી હતી.

## તમાકુ કંપનીના માલિકના ઘર પર ITનો સપાટો : કરોડોની કિંમતની ઘડિયાળો, રોકડ અને ઘરેણા જપ્ત

આવકવેરા વિભાગે ઉત્તરપ્રદેશના કાનપુરની એક તમાકુ કંપનીમાં દરોડા પાડ્યા હતા, જે આજે ત્રીજા દિવસે પણ ચાલુ છે. બંશીધર તમાકુ ગ્રુપ કંપનીના (મ્હહજૈદ્ધરઠ્ઠ્િક્કજ્ઞ્ઝ) માલિક કે.કે.મિશ્રા (દ્ધદ્ધ રૈજરઠ્ઠિ)ના નિવાસ્થાને આવકવેરા વિભાગના દરોડા ચાલુ છે. આ દરોડા દરમિયાન હિરા જડેલી ઘડિયાળો, લક્ઝરી કાર, રોકડા તેમજ ઘરેણા મળી આવ્યા હતા. હાલ આવકવેરા વિભાગની ટીમ ગ્રુપના માલિકની પૂછપરછ કરી રહી છે.અગાઉ આવકવેરા વિભાગના અધિકારીઓને બીજા દિવસે બંશીધર તમાકુ કંપનીના માલિક કે.કે મિશ્રાના નિવાસ્થાને દરોડા દરમિયાન કોરોડોની કિંમતની પાંચ મોંઘી ઘડિયાળો મળી આવી હતી, જેમાં આશરે રૂ. ૨.૫ કરોડની કિંમતની હીરા જડેલી ઘડિયાળનો પણ સમાવેશ થાય છે. આ પાંચ ઘડિયાળોની




ટોટલ વેલ્યુ કઢાવવા માટે વેલ્યુઅરને બોલાવવામાં આવ્યા છે.

## તંત્રી લેખ......

# હિમાચલ સરકારનું સંકટ

સુખવિંદર સિંહ સુખ્ખૂના નેતૃત્વવાળી હિમાચલ પ્રદેશની કોંગ્રેસ સરકાર પરનું સંકટ હાલપૂરતું તો ટળી ગયું છે, કારણ કે ૧૫ ભાજપી ધારાસભ્યોને સદનમાંથી બરતરફ કરીને બજેટ પસાર કરાવી લેવાયું, પરંતુ જો વિદ્રોહી વલણ ધરાવતા કોંગ્રેસ ધારાસભ્યોનો અસંતોષ દૂર ન થયો તો સંકટ યથાવત રહી શકે છે. હિમાચલમાં કોંગ્રેસને બેવડો ઝાટકો લાગ્યો. એક તો છ ધારાયભ્યોના ક્રોસ વોટિંગને કારણે ભાજપના હર્ષ મહાજન રાજયસભા ચૂંટણીમાં કોંગ્રેસના અભિષેક મનુ સિંઘવીને હરાવવામાં સફળ રહ્યા અને બીજું, આ ધારાસભ્યોના વિદ્રોહને કારણે સરકાર અલ્પમતમાં દેખાવા લાગી. આ ધારાસભ્યોને મનાવવા દરમ્યાન મંત્રી વિક્રમાદિત્ય સિંહે રાજીનામું આપીને સંકટ ઓર વધારી દીધું. તેમણે રાજીનામું તો પાછું લઈ લીધું, પરંતુ શું તેઓ પોતાની માંગથી પીછેહઠ કરવા તૈયાર છે? તેની અવગણના ન કરી શકાય કે વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસની જીત બાદ વિક્રમાદિત્ય સિંહની માતા અને સાંસદ પ્રતિભા સિંહે મુખ્યમંત્રી પદ માટે દાવેદારી રજૂ કરી હતી, જેને નકારીને સુખવિંદર સિંહ સુખ્ખૂને કમાન સોંપવામાં આવી હતી. તેઓ પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વીરભદ્ર સિંહનાં પત્ની છે. કોંગ્રેસ એવી સ્થિતિમાં નથી દેખાઈ રહી કે તે અસંતુષ્ટ ધારાસભ્યો વિરુદ્ધ કડક કાર્યવાહી કરીને ખુદને સંભાળી શકે. વિક્રમાદિત્ય સિંહની સાથે સાથે વિદ્રોહ કરનારા ધારાસભ્યો પણ નેતૃત્વ પરિવર્તન ઈચ્છે છે. ખબર નહીં આગળ શું થશે, પરંતુ એટલું ચોક્કસ છે કે કોંગ્રેસ માત્ર એમ કહીને કર્તવ્યની ઈતિશ્રી કરી શકે કે તેના ધારાસભ્યોના બળવા પાછળ ભાજપનો હાથ છે અને તે છળ-બળથી તેની સરકાર ગબડાવવા માગે છે.

# ગૌ આધારિત સમાજ વ્યવસ્થા કેન્સરના રોગ સામે રક્ષણ આપે છે : ડો. વલ્લભભાઈ કથીરિયા



મેડીકલ સાયન્સમાં 'Prevention is better than cure'ને મહત્વ આપવામાં આવ્યું છે અર્થાત આપણે આહાર અને વિહાર સહિતની એવી જીવન પધ્ધતિ અપનાવીએ કે કેન્સરને આવતા જ અટકાવી શકાય. આપણે જેને રોજ ઉપયોગમાં લઈએ છીએ તે અનાજ, શાકભાજી અને ફ્રુટ કેમિકલયુક્ત અને જંતુનાશક દવાઓથી મુક્ત હોવા જોઈએ અને આ ત્યારે શક્ય બનશે જયારે ગૌ આધારિત ખેતીનો વ્યાપ વધશે.

ગૌ આધારિત ખેતી એ કોઈ પણ રોગને મૂળમાંથી દુર કરવાનો પાયો છે એ સમજવાની

અને તેનો અમલ કરવાની તાતી જરૂર છે. આજે જમીન બંજર થતી જાય છે અને તેમાંથી કાર્બન પણ ઘટતો જાય છે. આ સ્થિતિનાં પરિણામ સ્વરૂપ પાણી પણ શોષાતું નથી. આ પ્રકારની જમીનમાં ઉગેલું અનાજ અંતે તો આપણા ભોજનમાં જ આવે છે. આવી જમીનમાં પાક લેવા માટે કેમિકલયુક્ત ખાતરનો ઉપયોગ પણ કરવામાં આવે છે અને તેથી જમીન ધીરે ધીરે ઝેરી થતી જાય છે.

જો ગૌ આધારિત સમાજ વ્યવસ્થા અપનાવવામાં આવે તો સ્થિતિમાં મોટો બદલાવ લાવી શકાય તેમ છે ગાયના ગોબર અને ગૌમૂત્રમાંથી જે બાયોપેસ્ટીસાઈડસ બને છે તે સેન્દ્રીય ખાતર હોય છે અને તેનો મહતમ ઉપયોગ કરવાની જરૂર છે. દરેક સ્તરે ખેડૂતોને પ્રોત્સાહન મળે અને આ પ્રકારના ખાતરના ઉપયોગથી જમીન ઝેર મુક્ત કરીને પોષણવાળી બને તે માટે પ્રયાસો કરવા જોઈએ. આજે વિશ્વભરમાં આ રોગ સામે લડવા માટેનાં પ્રયાસોની ચર્ચા થાય છે. રોગો સામે રીસર્ચ થાય છે . સ્ક્રીનીગ થાય છે પણ એ બધું બીજા નંબરે છે પ્રથમ તો આપણી ખેતી ગૌ આધારિત બને તે છે. આપણે આપણા ઘરમાં પણ ચોક્કસ બજેટ બનાવીને તેનો ખર્ચ કરતા હોઈએ છીએ પણ આપણે શુધ્ધ આહાર માટે ખર્ચ કરવો પડશે. આજે જયારે દેશનાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સ્વસ્થ અને સમૃધ્ધ ભારતની કલ્પના કરીને આગળ વધતા હોય ત્યારે દેશના દરેક નાગરિકની ફરજ જ છે કે, શુધ્ધ આહાર પ્રાપ્ત કરીને સ્વસ્થ - તંદુરસ્ત જીવન મેળવે.

ગૌ આધારિત સમાજ વ્યવસ્થાથી કૃષિ, આરોગ્ય અને પર્યાવરણની રક્ષા થાય છે. ગોબર અને ગૌમૂત્રનો ઉપયોગ કરીને હવામાન અને પાણીને શુદ્ધ કરી શકાય છે. આ માટે પંચગવ્ય થેરાપીનો ઉપયોગ પણ કરવો જોઈએ. પંચગવ્યમાંથી દવા, કેપ્સ્યુલ અને સીરપ વગેરે બનાવીને તેનો વ્યાપ વધારવો જોઈએ.

# ૦૩ માર્ચ, "વિશ્વ વન્યજીવન દિવસ"




વિશ્વભરમાં દર વર્ષે ૩ માર્ચે "વિશ્વ વન્યજીવન દિવસ"ની ઉજવણી કરવામાં આવે છે. ૨૦ ડિસેમ્બર, ૨૦૧૩નાં રોજ, યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીએ, તેની ૬૮ મી મહાસભામાં, વિશ્વભરનાં લોકોને વન્યપ્રાણી સંરક્ષણ માટે જાગૃત કરવા અને વનસ્પતિની લુપ્તપ્રાય જાતિ અંગેની જાગૃતિ માટે દર વર્ષે ૩ માર્ચે "વિશ્વ વન્ય જીવન દિવસ"ની ઉજવણી કરવાની ઘોષણા કરી હતી. જૈવ વિવિધતાની સમૃદ્ધિ પૃથ્વીને રહેવાલાયક બનાવવા માટે યોગ્ય બનાવે છે, પરંતુ આજના સમયમાં સતત વધતું પ્રદૂષણ વાતાવરણ પર એ રીતે વિપરિત અસર કરી રહ્યું છે કે જેના ખરાબ પરિણામ તરીકે જીવ-જંતુઓ અને વનસ્પતિઓની અનેક પ્રજાતિઓ ધીરે-ધીરે લુપ્ત થવાને આરે છે.

ગુજરાતનાં કુલ ભૌગોલિક વિસ્તારમાં ૧૯.૭૨% વન વિસ્તાર ધરાવે છે. રાજયમાં કુલ ૧૯,૬૪૭.૪૨ ચોરસ કિલોમીટર વન વિસ્તાર છે. ગુજરાતનાં ૩૩ જિલ્લામાંથી ૨૮ જિલ્લામાં વન વિસ્તાર આવેલો છે. ગીર રાષ્ટ્રીય ઉદ્યાન અને અભયારણ્ય ગુજરાતનું સૌથી મોટું વન વિસ્તાર ધરાવે છે. ગુજરાતમાં ૫૦૦૦ થી વધુ પ્રકારનાં વન્યજીવો છે. ૪૦૦ થી વધુ પ્રકારનાં પક્ષીઓ, ૫૦ પ્રકારનાં સસ્તન પ્રાણી, ૩૫ પ્રકારનાં સરિસૃપ અને ૨૦૦૦ પ્રકારનાં જંતુઓ ગુજરાતનાં વનોમાં જોવા મળે છે. ગુજરાત એશિયાટિક સિંહનું એકમાત્ર નિવાસસ્થાન છે. ગુજરાતમાં ગુલાબી ફ્લેમિંગો, કાળિયાર, ગુજરાતી ગેઝલ, ચિત્તો, રીછ, ગૌર, ચિંકારા, સિયાળ, જંગલી બળદ જેવા ઘણા બધા પ્રકારનાં વન્યજીવો જોવા મળે છે. આ વન્ય જીવન દિવસ નિમિત્તે વનોની સંખ્યામાં વધારો થાય એ બાબતે પ્રયાસો કરવા જોઈએ જેથી વન્ય પ્રાણીઓનું રક્ષણ થઈ શકે. રાષ્ટ્રીય ઉદ્યાનો અને અભયારણ્યોનું નિર્માણ કરીને, ગેરકાયદેસર શિકાર અને વન્યજીવ વેપાર પર પ્રતિબંધ લાવીને, વન્યજીવ સંરક્ષણ કાયદાઓનું અમલીકરણ કરાવીને તેમજ વન્યજીવો પ્રત્યે શિક્ષણ અને જાગૃતિ ઝુંબેશ ચલાવી શકાય છે.

# વર્ષ ૨૦૨૪ ની શરૂઆતમાં જ અમદાવાદ એરપોર્ટે રેકોર્ડ બનાવ્યો ,દેશનું સૌથી બિઝી એરપોર્ટ બન્યું

અમદાવાદ,તા.૨

સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર જાન્યુઆરી ૨૦૨૪માં મુસાફરોની અવરજવરમાં ૨૦૨૩ ની સરખામણીમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. વાઈબ્રન્ટ ગુજરાત ૨૦૨૪, ફિલ્મફેર એવોર્ડ્સ અને ઉત્તરાયણ જેવા વિવિધ હાઈ-પ્રોફાઈલ ઈવેન્ટ્સ અને તહેવારોના કારણે આંતરરાષ્ટ્રીય મુસાફરોની ગતિવિધીઓમાં વધારો જોવા મળ્યો છે. જાન્યુઆરીમાં અમદાવાદ એરપોર્ટ પરથી કુલ ૨૦૦,૧૯૯ આંતરરાષ્ટ્રીય મુસાફરોએ મુસાફરી કરી હતી, જે ગયા વર્ષની તુલનામાં ૨૫% વધુ છે.માત્ર મુસાફરોની સંખ્યામાં જ નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય એરક્રાફ્ટ ટ્રાફિક




મૂવમેન્ટમાં પણ ૪૧%નો ઉછાળો જોવા મળ્યો છે. જાન્યુઆરી ૨૦૨૩માં તે ૧,૦૦૮ થી વધીને જાન્યુઆરી ૨૦૨૪ માં ૧,૪૨૦ થઈ છે. આ વૃદ્ધિને નવા ગંતવ્યોના ઉમેરાને આભારી કહી શકાય છે. પ્રવાસીઓને લેઝર અને બિઝનેસ ટ્રાવેલ માટે એર ઈન્ડિયા દ્વારા લંડન, મલેશિયા એરલાઈન્સ દ્વારા કુઆલાલંપુર, થાઈ એરવેઝ દ્વારા બેંગકોક, એર એશિયા દ્વારા ડોન મુઆંગ (બેંગકોક), વિયેટજેટ દ્વારા હનોઈ અને હો ચી મિન્હ સિટી, અબુ ધાબી તેમજ ઈન્ડિગો દ્વારા જેદ્દાહ જેવા નવા સ્થળોના બહુવિધ વિકલ્પો પ્રદાન કરવામાં આવ્યા છે.જાન્યુઆરી ૨૦૨૪માં એરપોર્ટની સુરક્ષા ટીમે ૨૦૦,૦૦૦ થી વધુ આંતરરાષ્ટ્રીય મુસાફરોના સામાનના કુલ ૧૬૫,૮૩૦ વસ્તુઓની તપાસ કરી. પ્રતિબંધિત વસ્તુઓની તપાસ માટે ૨,૨૧૫ બેગની ભૌતિક તપાસ કરવામાં આવી. સૌથી સામાન્ય જોવા મળતી પ્રતિબંધિત વસ્તુઓમાં કોપરા, બેટરી સેલ અને લાઈટરનો સમાવેશ થાય છે. વિલંબ અને અસુવિધા ટાળવા માટે પ્રવાસીઓને પ્રતિબંધિત કોઈપણ વસ્તુઓથી દૂર રહેવાની ભારપૂર્વક સલાહ આપવામાં આવી હતી.આ જ રીતે આંતરરાષ્ટ્રીય કાર્ગોએ પણ ગતિ પકડી છે. ડેડિકેટેડ કાર્ગો ટર્મિનલ (ટી૩) સાથે અમદાવાદ એરપોર્ટ જાન્યુઆરી ૨૦૨૪માં કુલ ૪,૨૫૧ એમટી કાર્ગો હેન્ડલ કરવામાં સક્ષમ રહ્યું, જે ગત વર્ષે આ મહિનામાં હેન્ડલ કરવામાં આવેલા કાર્ગો કરતાં ૨૦% વધુ છે.

# સોલાપુરના ખેડૂતને ડુંગળી વેચાણ પેટે મળેલ ચેકના બે રૂપિયા કયાં વાપરવા તેની મીઠી મૂંઝવણ થઇ!!!

પહેલાના સમયમાં ખેતી ઉતમ ગણાતી હતી. વેપાર મધ્યમ ગણવામાં આવતો હતો અને નોકરીને કનિષ્ઠ ગણવામાં આવતી હતી. હવે, આ અગ્રતા ક્રમ ઉલ્ટાયો છે!નોકરી કરનારને સરકારના જમાઈનો દરજ્જો મળેલ છે. સંસ્કૃતમાં જમાઈને સસરાની કુંડળીમાં પડેલ દસમો ગ્રહ ગણનામાં આવે છે. જો તમે કોઈકના જમાઇ હશો તો સસરાના જીવનમાં ઉત્પાત મનાવી દસમા ગ્રહની ન્યુસન્સ વેલ્યુ ક્રિએટ કરતા હશો અને જો તમે કોઇના સસરા હશો તો દસનો ગ્રહ કેટલું વીતાડે છે એ સ્વયં સહન કરતા હશો!સૂર્ય,મંગળ,બુધ, ગુરૂ, શુક્ર કે ઈવન શનિ પણ સસરાનું કાંઇ સીધી રીતે ઉખાડી શકતા નથી . આ ગ્રહો વક્રી કે માર્ગી ચાલે ચાલતા હોય છે. પણ જમાઈ હંમેશા ત્રાંસી ચાલે ચાલતો હોય છે!ગ્રહો તો ક્યારેક ખાડામાં હોય. જમાઈ દારુ પીને રોજ રાતે ખાડામાં પડેલો હોય છે!શનિની અઢી વરસ કે વધુમાં વધુ સાડા સાત વરસની પનોતી હોય છે. જમાઈરૂપી પનોતી શાશ્વત હોય છે, ગ્રહોના યોગથી રાજયોગ, ગજકેસરી યોગ બને છે. જમાઇ દ્વારા સસરા માટે આજીવન ભિક્ષુકયોગ નિર્માણ થાય છે !

ખેતી કરવી એ લોઢાના ચણા ચાવવા જેવું દુષ્કર કામ છે. સિંચાઈની પૂરતી સગવડ ન હોવાથી ખેડૂતો વરસમાં ખરીફ એટલે કે ચોમાસું પાક જ લઇ શકે છે. બાકીના સમયમાં ખેડુતના દરજ્જાનો લોપ કરીને ખેતમજૂરનો મજબુત દરજ્જો અર્જિત કરે છે. અમેરિકા કે બીજા દેશો માફક આપણે ત્યાં મોટા ખેતરો નથી. તમામને વારસાઈની મળવાથી દિન પ્રતિદિન ખેતરો નાના ટુકડામાં ફેરવાતા જાય છે.ખાતર, બિયારણ, મજૂરી,ડિઝલ,જંતુનાશક દવાના ભાવોમાં અસહ્ય વધારો થાય છે.ખેતપેદાશના પોષણક્ષમ ભાવો ન મળવાના કારણે ખેડૂતો પાસે માત્ર લંગોટી બચી છે.ખાનગી શરાફો લીધેલ ઉછીની લીધેલ મૂડીના વ્યાજના ખપ્પરમાં હોમાતો જાય છે!!આટલું અધૂરું હોય તેમ આપણે દાઝ્યા પર ડામ કે ઘાવ પર નમક લગાવવાના બદલે એસિડ લગાવી તેને જગતનો તાત કહીએ છીએ. જગતનો તાત ચીંથરેહાલ અને જગતનો લાલ અદાણી -અંબાણી ચિકકાર સંપતિમાં આળોટે છે!! એ ક્યાંનો ન્યાય?? પેલા બાપડા પાસે પ્લાસ્ટિકના જૂતા પહેરવાની ત્રેવડ નથી.જ્યારે અંબાણી હાથી જેવા વિશાળકાય પુત્રને કાકડી જેવી કન્યા પરણાવવા એક હજાર બસો પચાસ કરોડ રૂપિયાનો વૈભવી ધુમાડો કરે છે!

ખેડૂતો પાકની વાવણી દેખાદેખીમાં કરે છે. આ વરસે જીરા,કપાસ, મગફળી ,ડુંગળીના ભાવો વધારે હોય એટલે ગાડરિયા પ્રવાહની જેમ જમીન અનુકૂળ હોય કે ન હોય બધા ડુંગળી, કપાસ, મગફળી, જીરાનું વાવેતર કરે. બીજા વરસે તેની માંગ કરતાં પુરવઠો વધી જવાથી ભાવો ઘટી જાય.આકાશી ખેતી અને પાતાળના પનોતી હોય છે!!

ડુંગળીની જ વાત કરીએ તો ડુંગળી સમારવા જતાં ભલભલા ક્રૂર, નિષ્ઠુર, પાષાણ હદયીની આંખમાં અસલી આંસુ આવી જાય છે. ડુંગળીને ગરીબોની કસ્તૂરી કહેવાય છે!! કેટલાક ચમડી છૂટે પણ દમડી ન છૂટે તેવા માણસો ડુંગળીનું ફોતરું પણ છોડતા નથી. ડુંગળી પ્રકૃતિ તામસિક ગણાય છે. કેટલાક લોકોનું ભાણું ડુંગળી વિના ચાલતું નથી. જ્યારે કેટલાક લોકો ડુંગળીને અખાદ્ય ગણે છે. બજારમાં વેજીટેરિયન ઈંડા મળે છે તેમ હવે જૈન કે સ્વામીનારાયણ ડુંગળી કે લસણ લોંચ કરવાની તાતી જરૂરત છે. (ગૌતમભાઈ, મુકેશભાઈ સાંભળો છોને ?? બિઝનેસનું નવું ક્ષેત્ર ખુલ્લું ખુલ્લું થઈ રહ્યું છે. કોઈ યુવાન સ્ટાર્ટ અપ કે ઈનોવેશન ચાલુ કરી યુનિકોર્ન -દસ હજાર કરોડ રૂપિયાનું ટર્ન ઓવર- બની શકે છે!!) ડુંગળીના પડ પરથી તેની તીખાશનો અંદાજ આવતો નથી!! એક વાર્તામાં મિંયાભાઈ ઈસ પ્યાજમે મૂત નહીં કહીં સ્વશિવામ્બુથી પરિપ્લાવિત કરેલી પ્યાજને તરકારી ન હોવાથી બડા ચાવથી આરોગે છે!

ડુંગળી એકદળી વર્ગમાં આવેલ લીલીએસી કુળની વનસ્પતિ છે. તેનું વૈજ્ઞાનિક નામ છ઼ઙ્ઘૈેદ્બષ્ઠીટ્ઠ છે. ઈરાન અને પાકિસ્તાનના પ્રદેશો ડુંગળીના ઉદભવનું મૂળ કેન્દ્ર ગણાય છે. હિંદીમાં ?????, મરાઠીમાં ?????, તેલુગુમાં નિરુલી, જ્યારે અંગ્રેજીમાં હૈંહ નામથી તે જાણીતી છે.

ભારતમાં ડુંગળીનું વાવેતર ૫૦૦૦ વર્ષથી થતું હોવાનું જણાય છે. ભારતમાં ડુંગળી ૨.૬ લાખ હેક્ટર જેટલા વિસ્તારમાં ઉગાડવામાં આવે છે; તેમાંથી વાર્ષિક ૨૬ લાખ ટન ઉત્પાદન મળે છે, દુનિયામાં તે બીજા ક્રમે છે. ગુજરાતમાં ડુંગળીનું ઉત્પાદન સૌથી વધારે ભાવનગર જીલ્લામાં થાય છે. મહારાષ્ટ્રમાં નાસિકની જેમ ભાવનગર જીલ્લામાં તળાજા અને મહુવામાં ડુંગળીનું પુષ્કળ પ્રમાણમાં વાવેતર થાય છે.ડુંગળીના પાકમાં ગુજરાત સફેદ ડુંગળી-૧, તળાજા લાલ અને જુનાગઢ લોકલ પીળીપત્તિનો સમાવેશ થાય છે. તદુપરાંત લીલા કાંદા સામાન્ય રીતે પૅન્સિલ જેટલી કે સહેજ વધારે જાડાઈના કંદ થાય અને પાન કૂણાં હોય ત્યારે ઉપાડી બજારમાં મોકલાય છે. ડુંગળીની તીખાશ એમાં રહેલ અલીલ પ્રોપીલ ડાયસલ્ફાઈડ નામના તત્વને આભારી છે જ્યારે કંદ ઉપરની બહારની છાલનો રંગ તેમાં રહેલ ક્રક્વીસેટીન નામના તત્વને આભારી છે.

એક સમય એવો હતો કે જ્યારે ડુંગળી ખેડૂતોને માલામાલ કરી દેતી હતી, પરંતુ આજે વિપરીત પરિસ્થિતિ સર્જાય છે. વર્તમાન સમયમાં ડુંગળીના ખેડૂતો માલામાલ નહીં પણ કંગાળ થઈ રહ્યા હોવાનું સામે આવ્યું છે. જેમાં ડુંગળીનો ખર્ચ ઊભો ન થઈ રહ્યો હોવાનું ખેડૂતોએ જણાવ્યું છે.

આપણે ખેડુતોની આવક બમણી કરવાનો ઢોલ તૂટે નહીં ત્યાં લગી વગાડીએ છીએ. કિસાન સન્માનના નામે મહિનાના પાંચસો રૂપિયા આપી ધા પર એસિડ લગાવીએ છીએ! આ રકમ ઉંટ આગળ જીરું મુકવા બરાબર ગણાય! બિચારો બાપડો ફાટેલી ધોતી, જમીનના ચાસ જેવા ચહેરા પર ખાડાવાળો, અકાળે વૃધ્ધ થયેલો ખેડૂત નિકાહ ફિલ્મનું આ ગીત ગાય છે." દિલ કે અરમાન આંસુઓમેં બહ ગયે, હમ કિસાનીનકર કે ગરીબ બન ગયે!!!

વર્તમાન સમયની અંદર ડુંગળીનો ભાવ થોડા દિવસ પહેલા જેતપુર માર્કેટિંગ યાર્ડમાં ૨૦ રૂપિયા પ્રતિ મણ બોલાવ્યો હતો. જેથી ડુંગળી વેચવા આવેલા ખેડૂતે પોતાની ડુંગળી વેચવાને બદલે ખાતર તરીકે ઉપયોગમાં લેવાની વાત કરી અને ડુંગળીને માર્કેટિંગ યાર્ડમાંથી પરત લઈ ગયા હતા. આવી જ રીતે ડુંગળીના ભાવના મળતાની સાથે જ જામકંડોરણા તાલુકાના રાયડી ગામના ખેડૂતે તૈયાર થયેલા ડુંગળીના મોલને ઘેટાં-બકરાઓને ચરવા માટે ખુલ્લુ મૂકી દીધું હતું. કસ્તુરી સમાન ડુંગળીના ભાવને નીચો જોવાથી ખેડૂતે આ પ્રકારના પગલાં ભર્યા હોવાનું સામે આવ્યું છે.

જુનાગઢ જિલ્લાના જામકા ગામના ખેડૂત જ્યારે યાર્ડમાં ૫,૮૨૧ કિલોગ્રામ ડુંગળી વેચી અન તેના જે પૈસા હાથમાં આવ્યાં તે જોઈને તેમની આંખમાં પાણી આવી ગયા.

ત્રણ મહિનાની તનતોડ મહેનત બાદ નફો તો દૂરની વાત કિલોગ્રામ દીઠ માંડ ૩૫ પૈસા મળ્યા, જ્યારે બીજી ખેપમાં તેમને રૂ. ૭૦ હજારનું નુકસાન થયું.આ જ ગામના બીજા ખેડુતની હાલત આવ ભાઈ હરખા

આભાર - નિહારીકા રવિયા આપણે બેય સરખા જેવી થઈ. કેટલાક ખેડૂતો ખેતરમાં જ રોટાવેટર (જમીન ખેડાણ માટેનું એક પ્રકારનું યંત્ર) ફેરવી દેવા મજબૂર બની ગયા છે.

જેથી કરીને ડુંગળીને બહાર કાઢવાનો ખર્ચ ચૂકવવો ન પડે અને ડુંગળી કમ્પોસ્ટ થાય તો જમીન વધુ ફળદ્રૂપ બને.ખેડુતોની અવદશા જોઈને કવિ પ્રદીપનું આ ગીત યાદ આવે કે દેખ તેરે સંસાર કી હાલત કયા હો ગઈ કિસાન, કિતના બદલ ગયા બાજાર, કિતના બગદલ ગયા બાજાર!! ખેડૂતો કોરસમાં ગા છે કે હમ કો લૂંટ મિલ કે બજારવાલોને !!

સોલાપુર જિલ્લાના બરશી તાલુકાના બોરગાંવ ગામના રાજેન્દ્ર તુકારામ ચવ્હાણે ડુંગળીના દસ થેલા વેચ્યા હતા અને યાર્ડમાં લઈ જવા, ચડાવવા-ઉતરાવવા અને તોલમાપના ખર્ચને બાદ કર્યા બાદ તેમને ૨ રૂપિયાનો ચેક આપવામાં આવ્યો હતો.. આ ચેક ૮ માર્ચ, ૨૦૨૩નો છે. આ ૨ રૂપિયાનો ચેક વટાવવા માટે તેમણે યાર્ડમાં પાછા આવવું પડશે તે લટકામાં !!ખેડૂતને આટલા બધા રૂપિયા ક્યારે અને કયાં વાપરવા તેની મીઠી મૂંઝવણ થઈ છે. ભાઉ સ્વિસ બેંકમાં જમા ચૂપચાપ કરાવી દે .નહીંતર ઈડી, સીબીઆઈ, ઈન્કમ ટેકસ તને ધમરોળી નાંખશે !!!

ભરત વૈષ્ણવ

# વર્ષ ૨૦૨૪ ની શરૂઆતમાં જ અમદાવાદ એરપોર્ટે રેકોર્ડ બનાવ્યો ,દેશનું સૌથી બિઝી એરપોર્ટ બન્યું

અમદાવાદ,તા.૨

સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર જાન્યુઆરી ૨૦૨૪માં મુસાફરોની અવરજવરમાં ૨૦૨૩ ની સરખામણીમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. વાઈબ્રન્ટ ગુજરાત ૨૦૨૪, ફિલ્મફેર એવોર્ડ્સ અને ઉત્તરાયણ જેવા વિવિધ હાઈ-પ્રોફાઈલ ઈવેન્ટ્સ અને તહેવારોના કારણે આંતરરાષ્ટ્રીય મુસાફરોની ગતિવિધીઓમાં વધારો જોવા મળ્યો છે. જાન્યુઆરીમાં અમદાવાદ એરપોર્ટ પરથી કુલ ૨૦૦,૧૯૯ આંતરરાષ્ટ્રીય મુસાફરોએ મુસાફરી કરી હતી, જે ગયા વર્ષની તુલનામાં ૨૫% વધુ છે.માત્ર મુસાફરોની સંખ્યામાં જ નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય એરક્રાફ્ટ ટ્રાફિક




મૂવમેન્ટમાં પણ ૪૧%નો ઉછાળો જોવા મળ્યો છે. જાન્યુઆરી ૨૦૨૩માં તે ૧,૦૦૮ થી વધીને જાન્યુઆરી ૨૦૨૪ માં ૧,૪૨૦ થઈ છે. આ વૃદ્ધિને નવા ગંતવ્યોના ઉમેરાને આભારી કહી શકાય છે. પ્રવાસીઓને લેઝર અને બિઝનેસ ટ્રાવેલ માટે એર ઈન્ડિયા દ્વારા લંડન, મલેશિયા એરલાઈન્સ દ્વારા કુઆલાલંપુર, થાઈ એરવેઝ દ્વારા બેંગકોક, એર એશિયા દ્વારા ડોન મુઆંગ (બેંગકોક), વિયેટજેટ દ્વારા હનોઈ અને હો ચી મિન્હ સિટી, અબુ ધાબી તેમજ ઈન્ડિગો દ્વારા જેદ્દાહ જેવા નવા સ્થળોના બહુવિધ વિકલ્પો પ્રદાન કરવામાં આવ્યા છે.જાન્યુઆરી ૨૦૨૪માં એરપોર્ટની સુરક્ષા ટીમે ૨૦૦,૦૦૦ થી વધુ આંતરરાષ્ટ્રીય મુસાફરોના સામાનના કુલ ૧૬૫,૮૩૦ વસ્તુઓની તપાસ કરી. પ્રતિબંધિત વસ્તુઓની તપાસ માટે ૨,૨૧૫ બેગની ભૌતિક તપાસ કરવામાં આવી. સૌથી સામાન્ય જોવા મળતી પ્રતિબંધિત વસ્તુઓમાં કોપરા, બેટરી સેલ અને લાઈટરનો સમાવેશ થાય છે. વિલંબ અને અસુવિધા ટાળવા માટે પ્રવાસીઓને પ્રતિબંધિત કોઈપણ વસ્તુઓથી દૂર રહેવાની ભારપૂર્વક સલાહ આપવામાં આવી હતી.આ જ રીતે આંતરરાષ્ટ્રીય કાર્ગોએ પણ ગતિ પકડી છે.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-




**NOG-SS NO 227**

વિષય: પાનખર
પ્રકાર: પદ્ય (ગઝલ)
શીર્ષક: શબ્દ તોરણ !
નામ: ભાનુપ્રસાદ "રાજન", કપડવંજ.

પાનખર આવે છે , પાંદડા ખરે છે
બાગોની હવા પણ થર-થરે છે !
કુંપણ ડાળી વસંતને પામવા,
ચોતરફ નજર નમણી કરે છે.!
ભલે આવે પાનખર ચમનમાં,
ફોરમ એનાથી ક્યાં ડરે છે ?
સૂકા પર્ણનો મર્મર અવાજ,
વસંતનું જાણે સ્વાગત કરે છે!
સમૃદ્ધ ઉપવન ઉજ્જડ ભાસે,
ઉદ્યાન ઊંડા શ્વાસ ભરે છે !
‘‘રાજન"કલમે વસંત બહાર,
કાગળ પર શબ્દ તોરણ કરે છે !
-ભાનુપ્રસાદ " રાજન"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO - 199**

વિષય:- પાનખર
શીર્ષક:- "પાનખર બેઠી"
પ્રકાર :- પદ્ય (ગઝલ) શબ્દ:- ૭૧
નામ:- અમૃત શ્રીમાળી

જુઓ આ પાનખર તોય કલરવ લઈને બેઠી
ઉજ્જડ ઉજળી આભે જલરવ લઈને બેઠી

પાનખર છે તોય પોતીકો પમરાટ લઈને બેઠી
વસંતનુ વહાલ ઓઢાઢી ધબરાટ લઈને બેઠી

ખુલ્લી કરી ડાળીઓ ખળભળાટ લઈને બેઠી
પીળા રંગના પાંદડે પાથરણે જઈને બેઠી

છોડ્યુ કોયલનુ કુંજન છોડ્યુ ભ્રમરનુ ગુંજન
આ વાયરાના વરઝોરામાં વૈરાગણ થૈને બેઠી

પાનખર છું પ્રેમદા પ્રેમી પરગણાનુ પાથરણું
પ્રેમે વસંત પહેરાવી પીળી પાંગતે જઈ બેઠી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No - 183**

વિષય:- પાનખર
શીર્ષક:- દૂરી રહેવા દો

પાનખર થી દૂરી રહેવા દો,
વાતો મારી અધૂરી રહેવા દો.

વસંતનાં દ્વાર બંધ ના કર,
ઝાડનાં છાંયે નૂરી રહેવા દો.

ચાહતની ઘણી આતુરતા છે,
મારી વારતાને પૂરી રહેવા દો.

પ્રેમની પરીક્ષા પાસ કરી લઉં,
પરીક્ષકોની જ્યુરી રહેવા દો.

કોઈ આપણી વચમાં આવે,
જો હવે થોડી દૂરી રહેવા દો.

★રચનાકાર આલમ કાસિમ★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO - 191**

પ્રકાર - પદ્ય શબ્દ -૧૧૬
વિષય : પાનખર
પ્રેક્ષક : વિનોદ સોલંકી "મિત્ર" લખતર.

પાનખર આવશે જીવનમાં એની મને ક્યાં ખબર હતી,
આ જીંદગી પણ રંગ બદલશે એની મને ક્યાં ખબર હતી.

હું તો મદમસ્ત થઈ ને ઝુમતો રહ્યો મારા ગાનમાં ને તાનમાં,
જીર્ણશીર્ણ થઈ ને તૂટવું પડશે, એની મને ક્યાં ખબર હતી.

હરેક પીળા પાન ને ખરતાં જોઈ હસતો રહ્યો ખડખડાટ,
મારો પણ આ સમય આવશે એની મને ક્યાં ખબર હતી.

સૂરજ સામે આંખ મિલાવવાની જુરરત કરી હતી પલભર,
અસ્ત થશે તો અસ્તિત્વ જશે એની મને ક્યાં ખબર હતી.

આભ ને સ્પર્શતું હતું યોવન મારુ હવાની હરેક લહેરે લહેરે,
એક દિવસ જમીનદોસ્ત થઈશ એની મને ક્યાં ખબર હતી.

" મિત્ર "આંધી તુફાનમાં પણ વળગી રહ્યો હતો મારા વૃક્ષ ને,
વૃદ્ધ થઈ ફેંકાઈ જઈશ વેરાનમાં એની મને ક્યાં ખબર હતી.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS.no.208**

વિષય. પાનખર
શીર્ષક. ભેટી હેતથી
લેખક. અમરીશ શુક્લ

લઈને શમણાં બધા હું ખર્યો,
અંતે રાહમાં એમની હું ખર્યો.

ન હતી ખબર વેરી થવાનો મને,
વિપરીત વાયરો થયોને હું ખર્યો.

સાવ ટૂંકી રહી મોસમ પ્રણયની,
ફરીથી મળવાના વાયદે હું ખર્યો.

વધાવીશ હેત ઘણાય અંતરના,
કુંપળને એ કૌલ દઈને હું ખર્યો.

ફળશે અરમાન બધાયે એમના,
દુવાઓ દઈને ઘણીય હું ખર્યો.

મોસમ છે રંગ તો બદલવાની જ,
ભેટીને પાનખરને હેતથી હું ખર્યો.
અમરીશ શુક્લ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 223**

વિષય :- પાનખર
શિર્ષક :- જીવનમાં પાનખર
પ્રકાર :- ગદ્ય - શબ્દ :- ૧૮૮
નામ :- દેવેન્દ્ર આચાર્ય

જીવન શું છે ? કોઈ ઋણાનુબંધને પૃથ્વી નામના ગ્રહે જન્મવું-પરસ્પર મળવું પ્રેમ સદ્ભાવ અને પછી ખરી પડવું...કાયમને માટે વિદાય...ચાલ્યા જવું.

આ સંસાર જ દ્વૈત છે જેમાં ખીલવું-ખરવું-મિલન વિદાય, જન્મ મરણ, સુખદુ:ખ છે જ. આપણને પ્રકૃતિ પાનખર દ્વારા ચિંતન-મનન કરાવી જાય છે કે આ જગત પરિવર્તનશીલ છે. ક્ષણે ક્ષણે નવીન પરિવર્તન પામે છે.

પીપળવૃક્ષનાં પીળાં પાન ખરે છે ત્યારે કોમળ કૂંપળો હસે છે...ત્યારે પાન કહે છે, ’અમ વીતી તમ વીતશે, ધીરી બાપુડીયા.’ પાનખર આપણને જીવનમર્મ - સત્યદર્શન કરાવી જાય છે. જો ખરી જ જવાનું છે તો પછી...તમારું શ્રેષ્ઠ અર્પણ-સમર્પણ કરીને કેમ ના જવું ? હું માનવી-સાચો માનવ બની માનવતાની મહેંક...સ્નેહ-સેવા-સમર્પણ-મૈત્રીની સુગંધ અર્પી-ધૂપસળીની જેમ કેમ ના જીવી જાઉં ?

મારો પરિવાર સ્વજન-પ્રિયજન-મિત્રજન માટે કશુંક નિ:સ્વાર્થ-પ્રેમમય અમૂલ્ય અર્પણ કરી...કર્મોની અવિસ્મરણીય યાદ આપી જીવનની પાનખરે સહજ, સરળ રીતે ખરી જાઉં. મળ્યું જીવન તો હું કોણ ? આત્માને ઓળખી સત્ય, પ્રેમ ભક્તિ પ્રકાશ અર્પી જાઉં.

અસત્યોમાં સત્ય, તમસોમા જ્યોતિર્ગમ્ય, મૃત્યોમાં અમૃતમ્ ગમ્ય, ઈતિ સત્યમ, શિવમ્ , સુંદરમ્ ૐ સચ્ચિદાનંદ સ્વરૂપ પરમાત્માને નમ: ૐ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No.-160**

વિષય : પાનખર
શિર્ષક : પાનખર
પ્રકાર : પદ્ય ; શબ્દો : ૫૫
રચયિતાનું નામ : રશ્મિકા અમીન ’રશ્મિ’
રચના :

જીર્ણ એવા પર્ણ
પીળા થયા લીલા વર્ણ...

નિ:શબ્દ એવો પડઘો
ઉપવનથી રહે અળગો...

કાગાની જોડી કરતી વિચાર
લીલુડા સંગીએ છોડ્યા મઝધાર...

કદંબ કેરું આંગણિયું
લાગે ઉજ્જડ બાવળિયું...

સતત ધબકીને શાંત થવાની કળા
શિરમોર થઈ અંતે રાખ થવાની વ્યથા...

પ્રેમનો પર્યાય વસંત
આશાનો અવસર પાનખર...

પાનખરનોય તે રૂઆબ અપાર
બંધ કરે સર્વ સુખોના દ્વાર...

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No. 213**

વિષય :- ‘પાનખર’
પ્રકાર :- પદ્ય (ગઝલ)
શીર્ષક :- ‘‘ભલે પધારી પાનખર’’ (શબ્દો :- ૧૯૦.)
રચનાકાર : કવિશ્રી યોગેશભાઈ પંડયા ‘સ્વજન’ જૂનાગઢ.

પૃથ્વી પાથરે પર્ણ પથારી, ભલે પધારી પાનખર,
વાસંતી નસીબ રોજ ન હોય, પાલવ પાથરે પાનખર.

સુકા ઝાડને સવારે સબનમ, ઝાકળ ભીનો સંદેશ આપે,
સહી લેજે દિન થોડા, સમયની બલીહારી છે પાનખર.

તું સમયને સાથ આપ, તો આ સમય પણ સાથ આપશે,
પરોઢિયે ઝાકળ બની વનરાઈ રોવે, કયારે જશે પાનખર.

ઉત્પતિ, સ્થિતિ, લય, સંસારનો, એવો નિયમ રહ્યો,
ફરી કોળાવાની આશા લઈ, અહિં આવી છે પાનખર.

પરિવર્તનથી ’સ્વજન’, આટલી વાતમાં ન ભાંગી પડીએ,
વસંતની વાત વખાણીએ, સહન શકિત આપે પાનખર.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO : 188**

વિષય :પાનખર
શિર્ષક : " પાનખરમાં શોધી ગઝલ "
પ્રકાર : ગદ્ય - શબ્દો : ૬૩
લેખન : **GETCO (GEB),** વિનોદ.મો.સોલંકી "વ્યોમ"

ખરતાં પાંદડે, પાનખરમાં શોધી ગઝલ;
વસંત ઋતુનાં આગમનમાં મ્હોરી ગઝલ;

ન ફાવ્યુ લખતાં, છંદ, અલંકારમાં તો!
પ્રણય ઋતુમાં અછાંદસેય ઘોળી ગઝલ;

મૂક્યાં વિચારો રમતાં, જ્યાં ઝાકળ પર!
તો, પર્ણ-પર્ણ, કૂંપળ-કૂંપળમાં ડોલી ગઝલ;

લાલ ચુંદડીથી સુશોભિત ગુલમહોરે, તો!
ગરમાળાની ડાળે ડાળમાં શોભી ગઝલ;

ભીની માટી પરથી પ્રસરતા વાયરાએ,
લહેરાતાં સુમનનાં કાનમાં બોલી ગઝલ;

ફાગણીયા ફાલમાં કેવાં ખીલ્યાં છે કેસૂડાં?
"વ્યોમ" કેસૂડાનાં રંગમાં ઝબોળી ગઝલ;

# એમસીએક્સ પર કોટન-ખાંડીના વાયદાના ભાવમાં રૂ.૨૦૦ની વૃદ્ધિ: મેન્થા તેલમાં નરમાઈ

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**
નૈમિષ ત્રિવેદી

ક્રૂડ તેલમાં સુધારો: નેચરલ ગેસ ઢીલુ: કોમોડિટી વાયદાઓમાં રૂ.૪,૭૧૪ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૨૨,૯૩૨ કરોડનું ટર્નઓવર: બુલડેક્સ વાયદામાં રૂ.૬.૭૩ કરોડનાં કામકાજ

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં શુક્રવારે રૂ.૨૭,૬૫૦.૮૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૪,૭૧૪.૦૨ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૨૨૯૩૧.૮૨ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૬૨,૫૬૭ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૨,૮૩૫ અને નીચામાં રૂ.૬૨,૪૦૩ ના મથાળે અથડાઈ, રૂ.૨૧૮ વધી રૂ.૬૨,૭૮૫ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની માર્ચ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૭૭ વધી રૂ.૫૦,૪૦૦ અને ગોલ્ડ-પેટલ માર્ચ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૭ વધી રૂ.૬,૧૫૪ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૦ વધી રૂ.૬૨,૪૫૩ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૬૯,૮૮૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૯,૯૨૧ અને નીચામાં રૂ.૬૯,૪૨૫ ના મથાળે અથડાઈ, રૂ.૧૮૪ વધી રૂ.૬૯,૮૪૯ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૯૧ વધી રૂ.૭૧,૪૫૩ અને ચાંદી-માઈક્રો એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૯૭ વધી રૂ.૭૧,૪૫૩ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ તાંબુ માર્ચ વાયદો રૂ.૭૨૭.૩૦ના ભાવે ખૂલી, રૂ.૧.૯૫ ઘટી રૂ.૭૨૫.૨૦ જ્યારે એલ્યુમિનિયમ માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૦.૩૫ વધી રૂ.૨૦૦.૬૫ તેમ જ સીસું માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૦.૩૫ ઘટી રૂ.૧૭૮ના ભાવ થયા હતા. જસત માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૦.૬૦ ઘટી રૂ.૨૧૪ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની માર્ચ વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૩૫ વધી રૂ.૨૦૦.૮૦ સીસુ-મિની માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૦.૪૦ ઘટી રૂ.૧૭૮.૪૦ જસત-મિની માર્ચ વાયદો રૂ.૦.૫૫ ઘટી રૂ.૨૧૪ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ ક્રૂડ તેલ માર્ચ વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૬,૫૧૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૫૯૩ અને નીચામાં રૂ.૬,૪૭૫ ના મથાળે અથડાઈ, રૂ.૭૪ વધી રૂ.૬,૫૮૭ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની માર્ચ વાયદો રૂ.૭૨ વધી રૂ.૬,૫૮૮ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ માર્ચ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૫૫ના ભાવે ખૂલી, રૂ.૧.૭૦ ઘટી રૂ.૧૫૫.૪૦ અને નેચરલ ગેસ-મિની માર્ચ વાયદો ૨ ઘટી ૧૫૫.૨ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ કોટન ખાંડી માર્ચ વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૬૨,૧૮૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૨,૨૬૦ અને નીચામાં રૂ.૬૧,૭૨૦ ના મથાળે અથડાઈ, રૂ.૨૦૦ વધી રૂ.૬૨,૧૪૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ માર્ચ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨.૩૦ ઘટી રૂ.૯૨૮.૬૦ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૪૬૦.૧૯ કરોડનાં અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૩૫૮.૩૬ કરોડનાં વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૫૫૫.૭૭ કરોડનાં ૧૬,૮૪૯ લોટ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૬૫૭.૭૧ કરોડનાં ૪૭,૨૭૧ લોટ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૮૯.૧૪ કરોડનાં ૧,૫૧૮ લોટ સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૩૯.૭૯ કરોડનાં ૬૩૫ લોટ તાંબાના વાયદાઓમાં રૂ.૨૬૧.૩૬ કરોડનાં ૧,૪૪૨ લોટ અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૨૩૩.૦૭ કરોડનાં ૩,૭૭૧ લોટના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૫૧.૬૦ કરોડનાં ૧૭૧ લોટ મેન્થા તેલ વાયદામાં રૂ.૬.૦૩ કરોડનાં ૧૮૦ લોટનાં કામકાજ થયાં હતાં.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૬.૭૩ કરોડનાં ૮૪ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૨૯૬ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ માર્ચ વાયદો ૧૬,૦૨૦ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૦૪૪ અને નીચામાં ૧૫,૯૫૩ બોલાઈ, ૯૧ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૨૭ પોઈન્ટ વધી ૧૬,૦૩૦ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ. ૨૨૯૩૧.૮૨ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ માર્ચ રૂ.૬,૫૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૬૦.૭૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૧૯.૪૦ અને નીચામાં રૂ.૧૫૫.૨૦ ના મથાળે અથડાઈ, રૂ.૪૪.૬૦ વધી રૂ.૨૧૫.૬૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૧૬૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૭.૮૦ ખૂલી, ઉપરમાં રૂ.૮.૯૦ અને નીચામાં રૂ.૭.૪૦ રહી, અંતે રૂ.૦.૯૦ ઘટી રૂ.૭.૯૫ થયો હતો.

સોનું માર્ચ રૂ.૬૩,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૧૦.૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૨૧.૫૦ અને નીચામાં રૂ.૩૫૮ ના મથાળે અથડાઈ, રૂ.૯૮.૫૦ વધી રૂ.૫૦૦ થયો હતો, જ્યારે સોનું-મિની માર્ચ રૂ.૬૩,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૬૪.૫૦ ખૂલી, ઉપરમાં રૂ.૪૯૨ અને નીચામાં રૂ.૩૪૫ રહી, અંતે રૂ.૧૧૮.૫૦ વધી રૂ.૪૭૯.૫૦ થયો હતો.


ચાંદી એપ્રિલ રૂ.૭૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૩૮૨.૫૦ના ભાવે ખૂલી, રૂ.૭૬ વધી રૂ.૧,૪૭૫ થયો હતો, જ્યારે ચાંદી-મિની એપ્રિલ રૂ.૭૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૭૮૫.૦૦ના ભાવે ખૂલી, રૂ.૬૯ વધી રૂ.૧,૫૦૦ થયો હતો. તાંબુ માર્ચ રૂ.૭૩૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧.૪૫ ઘટી રૂ.૬.૪૪ જસત માર્ચ રૂ.૨૧૫ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૦.૪૪ ઘટી રૂ.૨.૮૦ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ માર્ચ રૂ.૬,૫૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૬૧.૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૮૧ અને નીચામાં રૂ.૧૨૮.૪૦ ના મથાળે અથડાઈ, રૂ.૨૯.૪૦ ઘટી રૂ.૧૩૧.૪૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૧૫૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૭.૬૫ ખૂલી, ઉપરમાં રૂ.૮.૩૦ અને નીચામાં રૂ.૬.૬૦ રહી, અંતે રૂ.૦.૬૦ વધી રૂ.૭.૫૦ થયો હતો.

સોનું માર્ચ રૂ.૬૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૯૯.૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૬૮ અને નીચામાં રૂ.૨૫૧ ના મથાળે અથડાઈ, રૂ.૪૯.૫૦ ઘટી રૂ.૨૬૫ થયો હતો, જ્યારે સોનું-મિની માર્ચ રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૪ ખૂલી, ઊપરમાં રૂ.૬૧.૫૦ અને નીચામાં રૂ.૪૧ રહી, અંતે રૂ.૩ વધી રૂ.૪૭ થયો હતો.

ચાંદી એપ્રિલ રૂ.૭૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૪૮૮.૦૦ના ભાવે ખૂલી, રૂ.૪૬ ઘટી રૂ.૧,૪૮૨.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની એપ્રિલ રૂ.૭૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૪૩૧.૦૦ના ભાવે ખૂલી, રૂ.૩૩.૫૦ ઘટી રૂ.૧,૪૪૪.૫૦ થયો હતો. તાંબુ માર્ચ રૂ.૭૨૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલો દીઠ રૂ.૧.૧૧ વધી રૂ.૬ થયો હતો.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને રાજ્ય મંત્રીમંડળનાં મંત્રીશ્રીઓએ અયોધ્યાના ભવ્ય રામમંદિરમાં રામલલ્લાનાં શ્રદ્ધા પૂર્વક દર્શન-અર્ચન કર્યા



મુખ્યમંત્રી શ્રી ભૂપેન?દ્ર પટેલનાં નેતૃત્વમાં ગુજરાત રાજ્યના મંત્રીમંડળના મંત્રીશ્રીઓ અને વિધાનસભા અધ્યક્ષશ્રી, મુખ્ય દંડકશ્રી સહિત સૌએ અયોધ્યામાં ભવ્ય રામમંદિરમાં શનિવારે સવારે રામલલ્લાનાં ભક્તિભાવ પૂર્વક દર્શન-અર્ચન કરી શીશ ઝુકાવ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન?દ્ર પટેલે આ ક્ષણને સૌભાગ્ય પૂર્ણ અને ભાવુક ગણાવતાં કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન?દ્રભાઈ મોદીની પ્રેરણા, પુરૂષાર્થ અને પ્રતિબદ્ધતાથી અયોધ્યા મંદિરમાં રામચંદ્રજીની પ્રાણ પ્રતિષ્ઠા દેશના આ અમૃતકાળમાં કરોડો ભારતવાસીઓ માટે અમૃત ઉત્સવ સમાન બની છે તેનું શ્રેય શ્રી નરેન?દ્રભાઈ મોદીને જાય છે.

મુખ્યમંત્રીશ્રીએ અયોધ્યા રામમંદિરમાં દર્શન-પૂજન બાદ પોતાના પ્રતિભાવ પ્રચાર માધ્યમો સમક્ષ વ્યક્ત કરતા જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન?દ્રભાઈ મોદીના યશસ્વી નેતૃત્વમાં પ્રાચીન પાવન નગરી અયોધ્યામાં ભગવાન શ્રી રામની અલૌકીક પ્રાણ પ્રતિષ્ઠા એ દેશમાં નવા કાલચક્રના ઉદભવનો ઉદઘોષ છે. એટલું જ નહીં, આવનારા હજારો વર્ષોમાં રામરાજ્યની સ્થાપનાનાં સંકલ્પ સાથે ભારતની દ્રષ્ટીનું, દર્શનનું અને દિગ્દર્શનનું મંદિર આ રામમંદિર બન્યું છે. સાચા અર્થમાં આ મંદિર રાષ્ટ્ર ચેતનાનું અને રાષ્ટ્રનાં નવ જાગરણનું મંદિર છે એમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ કહું કે પ્રભુ શ્રી રામના દર્શન કરીને તેમણે ભગવાનને પ્રર્થના કરી છે કે, ગુજરાત સહિત સૌ દેશવાસીઓનું સ્વાસ્થ્ય સુખમય રહે અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત જે વિકાસની નવી ઉંચાઈઓ સતત સર કરી રહ્યું છે તે વિકાસ યાત્રા આવનારા દિવસોમાં પણ પ્રભુ શ્રી રામની કૃપાથી તેમના નેતૃત્વમાં વધુ આગળ ધપતી રહે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન?દ્ર પટેલે જણાવ્યું કે, દરેક હિન?દુનો સંકલ્પ હતો કે, અયોધ્યામાં ભવ્ય રામમંદિરનું નિર્માણ થવું જ જોઈએ. પ્રભુ શ્રી રામજીની કૃપાથી આવા ઐતિહાસિક મંદિરનું ભૂમિપૂજન અને પ્રાણ પ્રતિષ્ઠા બન્ને પવિત્ર કાર્યનું સૌભાગ્ય વડાપ્રધાન શ્રી નરેન?દ્રભાઈ મોદીને પ્રાપ્ત થયું છે.

તેમણે કહ્યું કે, ૨૦૧૯માં સુપ્રીમ કોર્ટે રામમંદિર નિર્માણ માટેનો નિર્ણય આપીને મંદિર નિર્માણમાં સદીઓથી ચાલી આવતા વિઘ્નો દૂર કરી દીધા અને વડાપ્રધાનશ્રીનાં નેતૃત્વની કેન?દ્ર સરકારે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રની રચના કરીને ત્વરીત ગતિથી મંદિર નિર્માણ કાર્ય પ્રારંભ કરાવ્યું તેના પરિણામ સ્વરૂપે આ વર્ષે ૨૨ જાન્યુઆરીએ ભવ્ય રામમંદિરમાં રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા સંપન્ન થઈ છે.શ્રી ભૂપેન્દ્ર પટેલે ૨૨મી જાન્યુઆરીને દરેક ભારતીય અને દુનિયાભરમાં વસેલા રામભક્તો માટે એક પવિત્ર અવસર ગણાવ્યો હતો અને કહ્યું હતું કે, અનેક પેઢીઓએ સેંકડો વર્ષો સુધી પોતાના હૃદયમાં સેવેલો સંકલ્પ વડાપ્રધાનશ્રીનાં નેતૃત્વમાં એવા સમયે સિદ્ધ થયો છે જ્યારે ભારત વિકસિત રાષ્ટ્ર બનવાના લક્ષ્યો પ્રાપ્ત કરવાની દિશામાં અગ્રેસર છે.

મુખ્યમંત્રીશ્રીએ રામમંદિરનું નિર્માણ અને રામલલ્લાની પ્રાણપ્રતિષ્ઠા ગુજરાત અને ગુજરાતીઓ માટે વિશેષ અને અત્યંત ગૌરવશાળી અવસર ગણાવતાં જણાવ્યું કે, ગુજરાતના પનોતા પુત્ર અને દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન?દ્રભાઈ મોદીના હસ્તે થયેલી રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠાથી આ મંદિર રાષ્ટ્રીય ચેતના અને સાંસ્કૃતિક વિરાસતની સમૃદ્ધીનું પ્રતિબિંબ બની ગયું છે.

રામમંદિરનાં દર્શને આવતાં રાજયના શ્રદ્ધાળુઓ માટે અયોધ્યામાં ઉત્તરપ્રદેશ સરકારે આપેલી જમીન પર ગુજરાત યાત્રી ભવનનાં નિર્માણ માટે ગુજરાત સરકારે આ વર્ષનાં બજેટમાં રૂ. ૧૦ કરોડ ફાળવ્યા છે અને કુલ રૂ. ૫૦ કરોડનું આયોજન છે તેનો ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, રામલલ્લાનાં દર્શને આવનારા ગુજરાતભરનાં યાત્રિકોને સરળતાએ આવાસ સુવિધા પૂરી પાડવા આ યાત્રી ભવનનું નિર્માણ થવાનું છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, રામમંદિર નિર્માણથી ભારતને વિશ્વગૌરવ અપાવનારા વડાપ્રધાનશ્રીને અભિનંદન આપતા અભિનંદન પ્રસ્તાવ ગુજરાતની ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયતો, જિલ્લા પંચાયતો, નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓએ કર્યા છે અને ભારતને રામમય બનાવવા માટે તેમનો ધન્યવાદ પણ વ્યક્ત કર્યો છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે દેશભરમાંથી રોજેરોજ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ શ્રી રામચંદ્ર ભગવાનના દર્શનનો લ્હાવો લેવા અયોધ્યા આવે છે. ગુજરાતમાંથી ખાસ આસ્થા ટ્રેન દ્વારા અયોધ્યા રમલ્લા ના દર્શને આવતા યાત્રાળુઓને જે સુવિધાઓ મળી રહી છે તે માટે મુખ્યમંત્રીશ્રી એ ઉત્તરપ્રદેશનાં મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથજીનો આભાર વ્યક્ત કર્યો હતો.

## ચાણસ્મા પોલીસ દ્વારા ચોરીના તેમજ ગુમ થયેલા ૧૬ મોબાઈલ શોધી કાઢ્યા



ચાણસ્મા પોલીસ મથકે વિવિધ મોબાઈલના ધારકો દ્વારા ચોરી તેમજ ગુમ થયાની એફ આર આઇ નોંધાવા પામી હતી જે અંગેની ચાણસ્મા પોલીસ દ્વારા ટેકનિકલ એનાલિસિસ ની મદદથી ૧૬ જેટલા મોબાઈલ શોધી કાઢીને મૂળ માલિકોને પરત કરવામાં આવ્યા હતાં ચાણસ્મા પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ચાણસ્મા પોલીસ મથકે એ અનડિટેક્ટ ગુનાઓમાં ગુમ થયેલા તેમજ ચોરી થયેલા મોબાઈલ અંગેની તપાસ ચાણસ્મા પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી હતી જેમાં ચાણસ્મા પોલીસ દ્વારા સીઈઆઈઆર એપ્લિકેશન થકી તથા ટેકનિકલ એનાલિસિસ કરી ને ૧૬ જેટલા મોબાઈલ આશરે કિંમત રૂપિયા ૧,૧૦,૦૦૦ નાને શોધીને મૂળ માલિકોને પરત કરવામાં આવ્યા હોવાનું ચાણસ્મા પોલીસ દ્વારા જણાવ્યું હતું



આજે તારીખ ૦૧ માર્ચ ૨૦૨૪ ના રોજ **GPERI-GTU** ખાતે રક્તદાન શિબિરનું અને થેલેસેમીયા ચેકપ નું આયોજન કરવામા આવ્યું હતુ. જેમા વિદ્યાર્થિઓની સાથે-સાથે કોલેજના કર્મચારીઓ અને આચાર્ય સાહેબ દ્વારા પણ રક્તદાન કરી બધાને પ્રોસાહિત કરાયા હતા. આ શિબિરમાં ૪૦ થી વધારે બોટલનું રક્ત દાન કરાયું અને થેલેસેમીયા નો રીપોર્ટ ૬૦ વધારે લોકો એ કરાવ્યો હતો. કોલેજ ના વહીવટી અધિકારી ડો. કિશોર રાજપૂત તથા આચાર્યશ્રી ડો ચિરાગ વિભાકર એ પણ સૌ ને પ્રોત્સાહિત કરવા રક્ત દાન કરેલું..આ કાર્યક્રમનું આયોજન તેમજ સંચાલન પ્રો. અક્ષય રાઠોડ સાહેબ દ્વારા આચાર્ય ડૉ. ચિરાગ વિભાકર સાહેબના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યુ હતુ.આ સફળ આયોજન માટે જીટીયુના રજિસ્ટ્રાર. કે.એન.ખેર સાહેબ તથા માન. વાઈસ ચાન્સેલર ડો.રાજુલ કે. ગજ્જર મેડમ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## બિપરજોય વાવાઝોડમાં ખેડૂતોને જમીન ધોવાણની સહાય ચૂકવવામાં અન્યાય કરવામાં આવશે: મુકેશ આંજણા



**'બિપરજોય વાવાઝોડમાં બે હેક્ટર કરતા વધુ જમીન ધોવાણમાં નુકશાન થયું છે તેવો ખેડૂતોને સહાય આપવામાં આવશે નહી' આ સરકારની ખેડૂત વિરોધી નીતિ છે: મુકેશ આંજણા**

ગુજરાત રાજ્યની અંદર ખેડૂતોને પરિસ્થિતિ ખૂબ જ દિનપ્રતિદિન ખરાબ થઈ રહી છે. ગુજરાતની અંદર બિપરજોય વાવાઝોડું આવ્યું ત્યારે સૌરાષ્ટ્ર, કચ્છ, બનાસકાંઠા અને પાટણ જિલ્લાઓ ખૂબ જ પ્રભાવિત હતા તેના લીધે ખેડૂતોને અનેક રીતે નુકશાન થયું હતું જેમાં જમીન અને ખેડૂતોને પાકનું ધોવાણ થયું હતું. સરકાર તરફથી જે પરિપત્ર કરવામાં આવ્યો છે જેમાં માત્ર બે હેક્ટર જમીન ધરાવતા ખેડૂતોને સહાય આપવામાં આવશે અને તેનાથી વધુ જમીન ધરાવતા ખેડૂતોને ગમે તેટલું નુકશાન થયું હોવા છતાં સહાયથી વંચિત રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે, સરકારે ખેડૂતો સાથે ભેદભાવ રાખવામાં આવ્યો છે, સરકારને સમાનનીતિ બનાવવી જોઈએ, આ સરકાર ખેડૂત વિરોધી છે તેવા આરોપ ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસના મહામંત્રી મુકેશ આંજણાએ પત્રકાર પરિષદને સંબોધન કરતી વખતે કર્યા હતા.

ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસના મહામંત્રી મુકેશ આંજણા જણાવ્યું હતું કે જયારે બિપરજોય વાવાઝોડ આવ્યા બાદ સરકાર તરફથી સર્વે કરવામાં આવેલ જેમાં જમીન ધોવાણ થયું તેની યાદી બનાવીને સરકારને સુપરત કરવમાં આવી હતી તેની અંદર ખૂબ જ વ્યાપક પ્રમાણમાં ગોટાળા કરવામાં આવ્યા છે ત્યારે બાદ યાદી જાહેર કરવામાં આવી હતી પણ સરકાર તાજેતરમાં કેરલા પરિપત્ર જાહેર કરીને જાણ કરી છે કે માત્ર બે હેક્ટર જમીન ધરાવતા ખેડૂતોને સહાય ચૂકવવામાં આવશે અને બે હેક્ટર કરતા વધુ જમીન ધરાવતા ખેડૂતોને કોઈ પ્રકારની સહાય ચૂકવવામાં આવશે નહી. આ સરકાર ખેડૂતો પ્રત્યે ભેદભાવ રાખે છે. સરકારને જે ખેડૂતોને નુકશાન થયું છે તે તમામ ખેડૂતોને સહાય ચૂકવવી જોઈએ પરંતુ સર્વે કરીને જમીન ધોવાણ થયું છે તેની યાદી જાહેર કરવામાં આવી પરંતુ ખેડૂતો જોડે સરકારે મજાક કરીને માત્ર બે હેક્ટર જમીન ધરાવે છે તેઓને સહાય ચૂકવવામાં આવશે તેવું પરિપત્રના આધારે કહેવામાં આવ્યું છે.ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસના મહામંત્રી મુકેશ આંજણાએ જણાવ્યું હતું કે, બિપરજોય વાવાઝોડ આવ્યું ત્યારે સૌથી વધુ નુકશાન ધાનેરા તાલુકાના જડિયા ગામને થયું હતું. કેટલાક ખેડૂતોને જમીનનું ધોવાણ મોટા પાયે નુકસાન થયું હતું પરંતુ સરકારે સર્વે કરીને યાદી તૈયાર કરી હતી જેમાં નામ હોવા છતાં કેટલાક ખેડૂતોને જમીન ધોવાણની સહાય મળશે નહીં તેના લીધે નિરાશ થયા છે. કેટલાક ખેડૂતોને આખા ખેતરો જમીન ધોવાણમાં તણાઈ ગયા હતા છતાં સરકારે કરેલા પરિપત્રમાં માત્ર બે હેક્ટર ધરાવતા ખેડૂતોને સહાય મળશે તેના લીધે ધરતી પુત્રોને મોટા-મોટા નેતાઓ આપેલા વાંચનો ઠાલા નીકળ્યા છે. ભૂતકાળમાં જયારે અતિશય ભારે વરસાદના કરણે ખેડૂતોને નુકશાન થયું હતું ત્યારે પણ પ્રતિ હેકટર પ્રમાણે સહાય ચૂકવવામાં આવી હતી. આ બિપરજોય વાવાઝોડામાં નુકશાન થયેલ છે જેમાં તમામ ખેડૂતોને પ્રતિ હેકટર પ્રમાણે ચોક્સનીતિ બનાવીને સહાય ચૂકવવી જોઈએ.

વધુમાં ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસના મહામંત્રી મુકેશ આંજણા જણાવ્યું હતું કે દેશ-રાજ્યમાં હાલની સરકારની દમનકારી નીતિના કારણે ખેડૂતો ખૂબ જ પરેશાન છે. આજે સરકારની ખૂબ જ ખરાબ નીતિના કારણે ખેડૂતો દેવાના ડુંગર તળે આવી ગયા છે. રાજ્યમાં આવેલ બિપરજોય વાવાઝોડના કરણે ખૂબ જ મોટા પ્રમાણમાં ખેડૂતોને નુકશાન થયું હતું પણ સરકારે ખેડૂતોને સહાય અન્યાય કરવામાં આવી રહ્યો છે.

## રાષ્ટ્રવાદની વાતો અંગ્રેજોના ચાટુકારોને ન શોભે : હેમાંગ રાવલ



**ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ રાજીવ ગાંધી ભવન ખાતે મિડિયા બાઈટ આપતા કોંગ્રેસ પર્વકત્તા શ્રી હેમાંગ રાવલે જણાવ્યું હતું કે, "આઝાદીની લડાઈમાં નાકનું ટેરવું કે આંગળીનો નખ પણ નહીં ભાંગનાર અંગ્રેજોની દલાલી કરનાર જનસંઘના વારસદારો આજે રાષ્ટ્રવાદની વાત કરી રહ્યા છે તાજેતરમાં જેમને ભારત રત્ન મળેલો છે તે ભારતીય જનતા પક્ષના શીર્ષ નેતૃત્વ એવા શ્રી લાલકૃષ્ણ અડવાનીજી મહંમદ અલી જિન્નાહની કબર ઉપર પાકિસ્તાન જઈને માથું ટેકવીને આવ્યા હતા એ વાત કદાચ સુધાંશુજીને ખબર નહીં હોય? આ એ જનસંઘ છે કે જેણે બંગાળમાં મહંમદ અલી જિન્નાહની મુસ્લિમ લીગ સાથે ભેગી મળીને સરકાર બનાવી હતી, લાગે છે ભારતીય જનતા પાર્ટીના મનમાં જિન્નાહ પ્રત્યેનો જે આદર છે તે તેઓ આ પ્રમાણે વ્યક્ત કરી રહ્યા છે.શ્રી રાહુલ ગાંધીને આત્મચિંતનની સલાહ આપનાર ભારતીય જનતા પક્ષના પ્રવકતાને કહેવાનું કે મોદીજીએ બેરોજગારી દૂર કરીને બે કરોડ રોજગારી આપવાની વાત કરી હતી, કિસાનોની એમ.એસ.પી ડબલ કરવાની વાત કરી હતી, પેટ્રોલ ડીઝલના ભાવ રૂ. ૩૫ કરવાની વાત કરી હતી, લોકોના ખાતામાં ૧૫ લાખ રૂપિયા આપવાની વાત કરી હતી, કાળું નાણું પાછું લાવવાની વાત કરી હતી આ બધી બાબતોનું આત્મચિંતન વડાપ્રધાનશ્રી અને ભાજપે કરવું જોઈએ. રાહુલ ગાંધી શું કરે છે, રાહુલ ગાંધી કયું ટીશર્ટ પહેરે છે, રાહુલ ગાંધી કયા શૂઝ પહેરે છે. આ બધી ચિંતા છોડીને દેશની ચિંતા કરો. ભારતીય જનતા પાર્ટીના નેતાના મનમાં અને મગજમાં રાહુલ ગાંધી ઘર કરી ગયા હોય એમ લાગે છે. સવારમાં ઊઠે ત્યારે બ્રશ કરે ત્યારથી રાત્રે સુવે ત્યાર પછી પણ સપનામાં માત્ર રાહુલ ગાંધી જ આવતા હોય એમ લાગી રહ્યું છે. જો કે દેશની સશક્ત લોકશાહી માટે સરમુખત્યાર સત્તાધીશોને આ પ્રકારનો ડર હોવો જરૂરી છે. કોંગ્રેસ પક્ષ ન્યાય માટે લડત આપી રહ્યો છે અને આપતો રહેશે."**

## ખાણખનીજ વિભાગ દ્વારા સત્યકેતુ જોષી ની સંડોવણી બાબતે તપાસ કરતા આક્ષેપો પાયાવિહોણા નિકળ્યા

ચાણસ્મા તાલુકાના ધીણોજ ગામ નજીક આવેલ નદીના પટમાંથી રેતી નું ખનન પરમીટ વગર કરવામાં આવી રહ્યું છે તેમજ તે ચાલી રહેલા ખોદકામ ની અંદર પાટણ ખાણખનીજ વિભાગ ની અંદર ફરજ બજાવતા એક કર્મચારી નું નામ આવવા પામ્યું હતું જે બાબતે જાણવા મળ્યુ કે ગત સમય પુષ્પાવતી નદીમાં ગેરકાયદેસર ખોદકામ બાબતે એક ઈસમ વિરૂદ્ધ ખાણ ખનીજ પાટણ દ્વારા તપાસ હાથ ધરી દાંડકિય કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી જે બાબતે રગદ્વેષ થી ખાણ ખનિજ પાટણ ના કર્મચારી ને બદનામ કરવા વીડિયો વાયરાલ કરવામાં આવ્યો હતો જેનો મિડીયા અહેવાલો પ્રસિદ્ધ થયા હતા જેની ની તપાસ પાટણ ખાણખનીજ વિભાગ દ્વારા કરવામાં આવતા કર્મચારી વિરુદ્ધ થયેલા આક્ષેપો માં કોઈ નક્કર હકીકતો સામે આવવા પામી ન હતી

પ્રાપ્ત માહિતી મુજબ ગત સમયમાં મીડિયા દ્વારા પાટણ જીલ્લા ના ચાણસ્મા તાલુકાના ધીણોજ ગામ નજીક આવેલ નદીના પટમાંથી ધોળા દિવસે કહેવાતા ગૌચરની જમીનમાં કેટલાક લોકો દ્વારા પરમીટ આપ્યા વગર માટીનું ખનન કરી રહ્યા હોવાનું તેમજ તેની અંદર વાઈરલ વિડિયો મા પાટણ ખાણખનીજ વિભાગ ની ઓફીસ માં ફરજ બજાવતા એક સત્ય કેતુ જોષી નામના વ્યક્તિ વિરૂદ્ધ થયેલ આક્ષેપો પાયાવિહોણા હોવાનું સામે આવ્યું છે બાબતે પાટણ ખાણખનીજ વિભાગ દ્વારા સ્થળ પર તપાસ હાથ ધરવામાં આવી હતી જેમાં થઇ રહેલા કામ રોયલ્ટી પ્રમાણે કરવામાં આવી રહ્યું છે તેમજ જે સત્યકેતુ જોષી નામના અધિકારી નું નામ વાઈરલ વિડિયો મા ચર્ચાતું હતું તે કોઇ વ્યક્તિ દ્વારા પોતાના અંગત કારણોસર આ વિડીયો વાયરલ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું હતું

નિખીલ જોષી : પાટણ જીલ્લા બ્યુરોચીફરવિયા

## ધાણોધરડા ગામે આવેલ શનિદેવના મંદિરે શનિ જાપ તેમજ દશાંશ હોમનું આયોજન કરાયું



ચાણસ્મા તાલુકાના ધાણોધરડા ગામ નજીક આવેલ શનિદેવના મંદિર ખાતે આજરોજ શનિવારના દિવસે વહેલી સવારથી જ અમદાવાદ નિવાસી દિનેશકુમાર રાવલના યજમાન પદે તેમજ શાસ્ત્રી જાની હિતેન્દ્રકુમાર સોજીત્રા વાળાના શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે શનિદેવના એક લાખ જાપ તેમજ દશાંશ હોમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં અગિયાર ભુદેવો દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી હોમનું આયોજન તેમજ જાપનું આયોજન કરવામાં આવ્યું હતું

ચાણસ્મા તાલુકા થી નજીક આવેલ ધારણોધરડા ગામ પાસે એક રમણીય સુંદર શનિદેવનું મંદિર આવેલું છે જ્યાં ઠેર ઠેર થી શ્રદ્ધા પ્રેમી લોકો દ્વારા વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાતું હોય છે ત્યારે આજરોજ શનિદેવના મંદિર ખાતે અમદાવાદ નિવાસી દિનેશકુમાર રાવલના યજમાન પદે તેમજ શાસ્ત્રી હિતેન્દ્રભાઈ જાની સોજીત્રા વાળા ના શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે શનિદેવના જાપ તેમજ દશાંશ હોમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં અગિયાર ભૂદેવો જોડાયા હતા પ્રસંગે સંતોષ ગૌશાળા ના સંચાલક વી એલ પટેલ ( સ્વામીજી)ખાસ ઉપસ્થિત રહી દર્શનનો લ્હાવો લીધો હતો

**નિખીલ જોષી : પાટણ જીલ્લા બ્યુરોચીફ**

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.